# Mod-HSA

## તમારા બાળક અને તેના/તેણીના શિક્ષકને મૂલ્યાંકન માટે તૈયારી કરવામાં સહાય કરવા તમે શું કરી શકો છો?

તમારા બાળકના શૈક્ષણિક વિકાસ અંગે ચર્ચા કરવા માટે તમારા બાળકના શિક્ષકને જરૂરી લાગે એટલી વાર મળો. મૂલ્યાંકનની તૈયારી માટે અને તમારા બાળકની શાળાકાર્યની સમજને વધારે સારી બનાવવા માટે તમારા અને તમારા બાળકને ઘરે કરી શકાય તેવી પ્રવૃત્તિઓ સૂચવવા માટે શિક્ષકને પૂછો. શિક્ષકો અને માતાપિતા/વાલીઓએ ખાતરી કરવી જોઇએ કે વિદ્યાર્થીને શાળામાં અને IEP માં ઓળખ્યા મુજબ મૂલ્યાંકનમાં એમ બંનેમાં યોગ્ય અનુકૂલન મળી રહ્યું છે. જ્યારે માતાપિતા/વાલી અને શિક્ષકો સાથે મળીને કામ કરે, ત્યારે તેનો લાભ વિદ્યાર્થીઓને થાય છે. MOD-HSA માટે વધુ જાણકારી અને પ્રેક્ટિસ ટેસ્ટ નમૂનાની વસ્તુઓ માટે કૃપા કરીને વેબસાઇટ www.mdk12.org જુઓ.

## Mod-HSA માટેના પરિણામો કેવી રીતે નોંધવામાં આવે છે?

Mod-HSA ગુણાંક અહેવાલ અને ઘરેલુ અહેવાલોના વિતરણનું સંચાલન નિયમિત HSA ના અહેવાલની માફક સરખા સમયપત્રક પ્રમાણે થાય છે. શાળાઓ, સ્થાનિક શાળા તંત્રો, અને રાજ્ય માટે ઉપલબ્ધિઓની જાણકારી વાર્ષિક "શાળા અહેવાલ કાર્ડ" માં છાપવામાં આવે છે, અને તે ઇન્ટરનેટ પર www.mdreportcard.org પર ઉપલબ્ધ છે. વધુ જાણકારી માટે કૃપા કરીને તમારા બાળકની શાળાનો સંપર્ક કરો.



**Nancy S. Grasmick**
સ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ સ્કૂલ્સ

**James H. DeGraffenreidt, Jr.**
પ્રમુખ, મેરીલેન્ડ સ્ટેટ બૉર્ડ ઑફ એજ્યુકેશન

**Martin O'Malley**
ગર્વનર, સ્ટેટ ઑફ મેરીલેન્ડ

Maryland State Department of Education
Achievement Matters Most

આ દસ્તાવેજ મેરીલેન્ડ રાજ્ય સુધારણા અનુદાન, અનુદાન ક્રમાંક H373X070019 અંતર્ગત ડિવિઝન ઓફ સ્પેશિયલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સેવા દ્વારા તૈયાર અને પ્રકાશિત કરવામાં આવ્યો હતો. અહીં રજૂ થયેલા વિચારો યુ.એસ. શિક્ષણ વિભાગના અથવા તો અન્ય ફેડરલ એજન્સીના વિચારો દર્શાવે તે જરૂરી નથી અને તેવો સંદર્ભ ટાંકવો જોઇએ નહીં. ડિવિઝન ઓફ સ્પેશિયલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીઝ પોતે ઓફિસ ઑફ સ્પેશિયલ એજ્યુકેશન પ્રોગ્રામ્સ, ઓફિસ ઑફ સ્પેશિયલ એજ્યુકેશ એન્ડ રિહેબીલીટેટીવ સર્વિસીઝ, યુ.એસ. શિક્ષણ વિભાગ પાસેથી ભંડોળ મેળવે છે. આ જાણકારી કોપીરાઇટથી મુક્ત છે. વાંચકોને તેની નકલ કરવા અને તેને વહેંચવા પ્રોત્સાહિત કરવામાં આવે છે પરંતુ તેમાં ડિવિઝન ઑફ સ્પેશિયલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીઝ, મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનનું નામ ટાંકો.

Maryland State Department of Education
200 West Baltimore Street
Division of Special Education/Early Intervention Services
Baltimore, Maryland 21201- 2595

(વોઇસ ફોન) (410) 767-0249
(TTY/TTD) (410) 333-6442
(ફેક્સ) (410) 333-8165

© Maryland State Department of Education 2008

*01/09*

# સુધારેલ સ્કૂલ મૂલ્યાંકન (Mod-HSA)

તમારા બાળકના કાર્યક્રમ માટે તેનો **અર્થ** શું થાય છે



## MOD-HSA



# માતાપિતા માટે સુધારેલ શાળા મુલ્યાંકન માર્ગદર્શિકા-Mod-HSA

## Mod-HSAs શું છે?

Mod-HSAs વૈકલ્પિક મૂલ્યાંકન છે જે નિશ્ચિત સહભાગિતા જરૂરિયાતોની પૂર્તિ કરતાં ખાસ શૈક્ષણિક સેવાઓ મેળવતા વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ-સ્તરના પાયારુપ શૈક્ષણિક લક્ષ્યાંકો અને સુધારેલ શૈક્ષણિક ઉપલબ્ધિ માપદંડો આધારિત તૈયાર કરવામાં આવ્યું છે. બીજગણિત/માહિતી પૃથક્કરણ, અંગ્રેજી, જીવવિજ્ઞાન અને ગવર્નમેન્ટમાં આ અભ્યાસક્રમ અંતના મૂલ્યાંકનો મેરીલેન્ડ સ્નાતક પરીક્ષણ જરુરિયાતોની પૂર્તિ કરે છે.

***(2005ના પાનખર અથવા તે પછી ગ્રેડ 9 માં પહેલાં દાખલ થનારા વિદ્યાર્થીઓ માટે HSAs પાસ કરવું જારુરી છે.)***

નિયમિત હાઇ-સ્કૂલ મૂલ્યાંકન (HSA) માફક Mod-HSA **<u>સરખા</u>** ઘટકોને આવરી લે છે (મેરીલેન્ડ કોર લર્નિંગ ગોલ્સ એન્ડ એસેસમેન્ટ સીમાઓમાં વર્ણવ્યા મુજબ).

## MOD-HSAs શા માટે વિકસાવવામાં આવ્યા હતા?

નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ (NCLB) રાજ્યોને સુધારેલ મૂલ્યાંકન (Mod-HSA) પૂરા પાડવાની મંજૂરી આપે છે. આ પ્રકારના મૂલ્યાંકનો એવા વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવે છે જેમને **સૂચના અને મૂલ્યાંકન** દરમ્યાન કોર્સ-સ્તર શૈક્ષણિક ઘટક માપદંડ સાથે સુધારેલ શૈક્ષણિક ઉપલબ્ધિ માપદંડોની જરૂર છે અને તે મેળવે છે. આ વિદ્યાર્થીઓ સામાન્ય વસ્તીનાં વિદ્યાર્થીઓની **જેમ** એક અભ્યાસક્રમ ઘટક શીખે છે, પરંતુ તેમને રાજ્ય મૂલ્યાંકનોમાં સફળ થવા માટે સુધારેલ શૈક્ષણિક માપદંડોની જરૂર પડે છે.

## સુધારેલ શૈક્ષણિક ઉપલબ્ધિ માપંદડો શું છે?

સુધારેલ શૈક્ષણિક ઉપલબ્ધિ માપદંડો એ જ રાજ્યના નિયમિત મૂલ્યાંકનો (HSA) ના શૈક્ષણિક ઘટક માપદંડો પર આધારિત છે (રાજ્યના સ્વૈચ્છિક અભ્યાસક્રમ અને મૂલ્યાંકન મર્યાદામાં વર્ણવ્યા અનુસાર). તેમ છતાં, **Mod-HSAs** વિદ્યાર્થીઓની વિશિષ્ટ તાલીમી લાક્ષણિકતાઓની પૂર્તિ કરવા માટે ટેસ્ટ ડિલીવરીમાં વિવિધતા સામેલ કરે તેવા કોર્સ-સ્તર ઘટક માપદંડોનું વિદ્યાર્થીઓને અભિગમન માટે માળખામાં જુદુ પડે છે. ઉદાહરણોમાં સામેલ છે જુજ અને ટૂંકા વાંચન ફકરાઓ સાથેની પરીક્ષા વસ્તુઓ, ટૂંકા ને ઓછાં જટિલ પ્રશ્નો, જુજ જવાબ વિકલ્પો સાથે પરીક્ષાની વસ્તુઓ. **<u>આ જાણવું ખૂબ જરૂરી છે કે Mod-HSA, HSA ની માફક એ જ ઘટકોને આવરી લે છે.</u>** *રાજ્યના સ્વૈચ્છિક અભ્યાસક્રમની માહિતી માટે કૃપા કરીને <u>www.mdk12.org</u> જુઓ.*

## શા માટે Mod-HSAs કોર્સ-સ્તર ઘટક માપદંડો પર આધારિત છે?

Mod-HSAs માં સહભાગી થતા વિદ્યાર્થીઓ કોર્સ-સ્તરીય કૌશલ્યની પૂર્તિ કરવા તરફ વિકાસ કરી શકે તે માટે કોર્સ -સ્તર ઘટકમાં સૂચના મેળવે છે તેની ખાતરી કરવા માટે Mod-HSA ગ્રેડ-સ્તર શૈક્ષણિક ઘટક માપદંડ પર આધારિત છે.

## Mod-HSA માં સહભાગી થવા વિકલાંગ વિદ્યાર્થીઓને કેવી રીતે ઓળખવામાં આવે છે?

Mod-HSA માટે પાત્ર વિદ્યાર્થીને તેની/તેણીની વ્યક્તિગત મૂલ્યાંકન જાણકારી અને તેના/તેણીના IEP પર સૂચનાત્મક અને સેવા જાણકારીના આધારે ઓળખવામાં આવશે. બીજગણિત/માહિતી પૃથક્કરણ, અંગ્રેજી, જીવવિજ્ઞાન, અને ગવર્નમેન્ટમાં મેરીલેન્ડ કોર લર્નિંગ ગોલ્સમાં વિદ્યાર્થીની સૂચના સાથે કોર્સ-સ્તર ઘટક માપદંડ અને સુધારેલ શૈક્ષણિક ઉપલબ્ધિઓનો ઉપયોગ કરીને **સૂચના અને મૂલ્યાંકન** માટે યોગ્ય ગણાય તે રીતે વિદ્યાર્થીને ઓળખવામાં આવે છે.

## શું માતા પિતા તેમના બાળકને Mod-HSA માં સામેલ કરવાનો ઇન્કાર કરી શકે છે?

ઇન્ડિવિડ્યુઅલ્સ વિથ ડિસેબિલીટી એક્ટ (IDEA) અને નો NCLB ની આવશ્યકતા છે કે વિકલાંગતા ધરાવતા **<u>તમામ</u>** વિદ્યાર્થીઓએ રાજ્ય અને સ્થાનિક મૂલ્યાંકનમાં ભાગ લેવો જોઇએ. IEP ટુકડીનાં સભ્ય તરીકે, માતાપિતા/વાલીઓ તેમનું બાળક શેમાં ભાગ લેશે તે નક્કી કરવા માટે ટુકડીના અન્ય સભ્યો સાથે મળીને કામ કરશે. મેરીલેન્ડમાં, હાઇસ્કૂલના વિકલાંગ વિદ્યાર્થીઓ આમાં ભાગ લે છે:

- બીજગણિત/માહિતી પૃથક્કરણ, અંગ્રેજી, જીવવિજ્ઞાન અને ગવર્નમેન્ટમાં હાઇસ્કૂલ એસેસમેન્ટ (**HSAs**), (અનુકૂલન સાથે કે વગર, યોગ્ય લાગે તે મુજબ)
- મોડિફાઇડ હાઇસ્કૂલ એસેસમેન્ટસ (**Mod-HSAs**) (અનુકૂલન સાથે) બીજગણિત/માહિતી પૃથક્કરણ, અંગ્રેજી, જીવવિજ્ઞાન, અને ગવર્નમેન્ટમાં

વિદ્યાર્થીઓની IEP ટુકડી દ્વારા નક્કી કર્યા મુજબ ઉપરોક્ત મૂલ્યાંકનોમાં હિસ્સો લેવા અસક્ષમ હોય તો, તે ભાગ લઇ શકે છે:

- સૌથી નોંધપાત્ર સ્પષ્ટ વિકલાંગતા (**Alt-MSA**) ધરાવતા ગ્રેડ 10 ના વિદ્યાર્થીઓ માટે વાંચન, ગણિત, અને વિજ્ઞાનમાં વૈકલ્પિક મેરીલેન્ડ સ્કૂલ એસેસમેન્ટ.

## Mod-HSA કયા શૈક્ષણિક ક્ષેત્રોને આવરી લે છે?

Mod-HAS લેતા વિદ્યાર્થીઓનું બીજગણિત/માહિતી પૃથક્કરણ, અંગ્રેજી, જીવવિજ્ઞાન, અને ગવર્નમેન્ટના ઘટક વિસ્તારોમાં મૂલ્યાંકન કરવામાં આવે છે. Mod-has માં ભાગ લેતાં વિદ્યાર્થીઓ માટે, મૂલ્યાંકન કોર્સ-સ્તર ઘટક માપદંડ અને સુધારેલ શૈક્ષણિક ઉપલબ્ધિ માપદંડ પર આધારિત હોય છે. આ માપદંડો મેરીલેન્ડના કોર લર્નિંગ ગોલ્સના તે અભ્યાસક્રમ સાથે જોડાયેલા હોવા જોઇએ જેમાં વિદ્યાર્થી નોંધાયેલો હોય. આથી, ફક્ત શૈક્ષણિક ઉપલબ્ધિ માપદંડો સુધારેલ છે, ઘટક માપદંડ નહીં, જેના પર તે સુધારેલ શૈક્ષણિક ઉપલબ્ધિ માપદંડ આધારિત છે. **<u>એ યાદ રાખવું જરૂરી છે કે Mod-HSA લેતાં વિદ્યાર્થીઓ નિયમિત હાઇ-સ્કૂલ ડિપ્લોમાની જરુરિયાત પૂરી કરવામાંથી બાકાત નથી. વિદ્યાર્થી એક વિષયમાં Mod-HSA લઇ શકે છે અને નિયમિત મૂલ્યાંકન (HSA) અન્ય વિષયમાં લઇ શકે છે.</u>** (દા.ત. વિદ્યાર્થી MOD-HSAs માં જીવવિજ્ઞાન અને અંગ્રેજી માટે અને HSAs માં બીજગણિત/માહિતી પૃથક્કરણ અને ગવર્નમેન્ટ માટે માન્ય હોઇ શકે છે).

## તમારા બાળક અને તેના/તેણીના શિક્ષકને મૂલ્યાંકન માટે તૈયારી કરવામાં સહાય કરવા માટે તમે શું કરી શકો છો?

તમારા બાળકના શૈક્ષણિક વિકાસ અંગે ચર્ચા કરવા માટે તમારા બાળકના શિક્ષકને જરૂરી લાગે એટલી વાર મળો. મૂલ્યાંકનની તૈયારી માટે અને તમારા બાળકની શાળાકાર્યની સમજ વધારે સારી બનાવવા માટે તમારા અને તમારા બાળકને ઘરે કરી શકાય તેવી પ્રવૃત્તિઓ સૂચવવા માટે શિક્ષકને પૂછો. જ્યારે માતાપિતા/વાલી અને શિક્ષકો સાથે મળીને કામ કરે, ત્યારે તેનો લાભ વિદ્યાર્થીઓને થાય છે.

*મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન વેબસાઇટ*
**<u>www.marylandpublicschools.org</u>**

MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
Achievement Matters Most